Received on : 16-06-2026
Registered on : 16-06-2026
Decided on : 22-06-2026
Duration : Y M D
- - 06

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં. ૪૮૫/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** અસ્પાક મનસુખભાઈ ખોખર સીપાહી,
ઉ.વ.આ.૩૦,ધંધો–પ્રાઈવેટ નોકરી,
રહે. મુળ.ઉપલેટા, નાગનાથ ચોક,
શેરી નં.૪, તા.ઉપલેટા, જી.રાજકોટ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**–:: વિરૂઘ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી)(૨)(એ) તથા ૨૯ મુજબ.

**સંદર્ભ :–** જુનાગઢ એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૫૭/૨૦૨૬.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી.એસ.પરમાર.
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એમ.પી.વાઘેલા.

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૫૭/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(એ) તથા ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી એમ.પી.વાઘેલાનાઓ હાજર થયેલ છે અને આંક-૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી વાય.એન.સોલંકી, પોલીસ સબ ઈન્સ્પેકટર, એ.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.એસ.પરમારનાઓએ રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે જુનાગઢ એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧ ૫૭/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(એ) તથા ૨૯ મુજબના ગુનાની ફરીયાદ આપવામાં આવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી સાકીર રફીકભાઈ સોરઠીયા પાસેથી ગાંજાનો જથ્થો ૧૬૪.૧૬ ગ્રામ રેડ દરમ્યાન મળી આવેલ છે. તેમજ ફરીયાદપક્ષના કેસ મુજબ હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ પકડાયેલ આરોપી સાકીર રફીકભાઈને આ ગાંજાનો જથ્થો આપેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આરોપી સકીરને ચીફ જયુડી.મેજી.કોર્ટ દ્વારા ફો.પ.અ.નં.૧૯૩/૨૬ ના કામે જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. આ કામના અરજદાર/આરોપીને તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલમાં થી અટક કરેલ છે. હાલના કામના અરજદાર/આરોપી છેલ્લા ૬ મહિનાથી જેલમાં

છે. જેથી આરોપી નં.૧ સાકીર રફીકભાઈને ઓળખતા નથી કે તેમને મળેલ નથી. હાલના કામના અરજદાર/આરોપીને ખોટી રીતે ગુનાના કામે ફંસાવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી તેમજ પોલીસ નિવેદનમાં હાલના કામના અરજદાર/આરોપીનું નામ ખુલવા પામેલ છે. વધુમાં હાલનો બનાવ જોવામાં આવે તો, ૩ મહિનાનો સમય થયેલ છે જે દરમ્યાન અરજદાર/આરોપી જેલમાં રહેલ છે. અરજદાર/આરોપી રાજકોટ જીલ્લાના ઉપલેટાના રહેવાસી છે તેમજ સ્થાવર જંગમ મિલકત ધરાવે છે. જેથી કોઈ જગ્યાએ નાસી ભાગી જાય તેમ નથી. તેમજ નામદાર કોર્ટ ધ્વારા જે પણ શરતો ફરમાવવામાં આવશે તે તમામ શરતો પાળવા તૈયાર અને ખુશી છે. જેથી જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એમ.પી.વાઘેલાનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આરોપી નં.૧ સાકીર રફીકભાઈ સોરઠીયાને ચીફ જયુડી.મેજી.કોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરેલ છે. તેમજ સદરહુ આરોપીને મુદ્દામાલ હાલના કામના અરજદાર/આરોપીએ વેચાતો આપેલ હતો. હાલનો ગુનો એન.ડી.પી.એસ.એકટનો રહેલ છે. જે ગંભીર રહેલ છે તેમજ હાલના કામે અરજદાર/આરોપી સામે ગોંડલ મુકામે પણ આવા પ્રકારના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરી વખત આવા પ્રકારનો ગુનો કરશે જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી વાય.એન.સોલંકી, પોલીસ સબ ઈન્સ્પેકટર, એ.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢ નાઓનું આંક–૦૫ નું સોગંદનામું વંચાણે લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત

જોવામાં આવે તો, આ કામના આરોપી સાકીર રફીકભાઈ સોરઠીયાનાએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર વનસ્પતિજન્ય પદાર્થ ગાંજો (કેનાબીસ) નો જથ્થો પોતાના કબજાના રહેણાંક મકાન, બ્લોકમાં રાખી રેઈડ દરમ્યાન આરોપી સકીર રફીકભાઈ તથા ગાંજો(કેનાબીસ) ૧૬૪.૧૬ ગ્રામ કિં.રૂા.૮,૨૨૦, ખાલી પ્લાસ્ટીકના કાળા તથા લાલ કલરના જબલા તથા ન્યુઝ પેપર, લાઈટ બીલ મળી કુલ કિં.રૂા.૮,૨૨૦ ના મુદ્દામાલ સાથે મળી આવી તેમજ ગાંજાનો જથ્થો આપનાર હાલના અરજદાર/આરોપી હાજર નહી મળી આવી બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલો છે.

(૬) હાલના કામેનુ રેકર્ડ ધ્યાને લેતા આ કામના અગાઉ પકડાયેલ આરોપી સાકીર રફીકભાઈ સોરઠીયાને ચીફ જ્યુડી.મેજી.કોર્ટ જુનાગઢનાઓ ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. આ કામે અરજદાર/આરોપીની ભુમીકા જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ પકડાયેલ આરોપી સાકીરભાઈને વેચાતો માદક પદાર્થ ગાંજો આપેલ હતો. આ કામે અરજદાર/આરોપી પાસેથી કોઈ માદક પદાર્થ મળી આવેલ નથી. વધુમાં હાલના કામે ગુનામાં સંડોવાયેલ ગાંજાનો જથ્થો ધ્યાને લેતા ૧૬૪.૧૬ ગ્રામ રહેલ છે. સદરહુ જથ્થો ધ્યાને લેતા ભારત સરકારના માદક પદાર્થ અંગેના નોટીફીકેશન અન્વયે સ્મોલ કવોન્ટીટીનો રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના રહેવાસી છે. જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેવી શકયતા ઓછી રહેલ છે. વધુમાં અરજદાર/આરોપી સામે અન્ય ગુના નોંધાયેલ હોય તે માત્રથી હાલના કામના અરજદાર/આરોપીને જામીન મળવાપાત્ર હોય તો તે નકારી શકાય તેમ નથી. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 TYF Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના

અરજદાર/આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:હુકમ:-</u>**

- હાલના અરજદાર/આરોપી અસ્પાક મનસુખભાઈ ખોખર સીપાહી, રહે. મુળ.ઉપલેટા, નાગનાથ ચોક, શેરી નં.૪, તા.ઉપલેટા, જી.રાજકોટવાળાની જુનાગઢ એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૫૭/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(એ) તથા ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી 'મંજુર' કરવામાં આવે છે.

- અરજદાર/આરોપીને એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧ ૫૭/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(એ) તથા ૨૯ મુજબના ગુનાના કામે રૂા. ૨૦,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

- અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

- આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)